CHARITABLE FOUNDATION
AN INITIATIVE TO CREATE A COMMUNITY OF 'RISHEY'

चित्त THE CONSCIOUS BEING

MARCH 2023

## સંપાદકીય

**પર્યાવરણ - પરિ + આવરણ.**
બે શબ્દોથી બનેલો આ શબ્દ આપણને ઘણું કહી જાય છે. આપણી આસપાસનું આવરણ આપણને શારીરિક અને માનસિક બંને રીતે ઘડવામાં મહત્વનો ભાગ ભજવે છે. **શારીરિક ઘડતરની** વાત કરીએ તો સૌ કોઈ જાણે છે કે પર્યાવરણ સુરક્ષિત નથી. સૌ કોઈ જાણે છે કે શું કરી શકાય. જરૂર છે ફક્ત કઈ રીતે કરી શકાય એ સમજવાની અને આપણા વિદ્યાર્થીઓને **વ્યવહારિક અભિગમ** સાથે સમજાવવાની. હવે **માનસિક ઘડતર**ની વાત કરીએ. જેમાં પણ આપણી આસપાસનું પર્યાવરણ જ ભાગ ભજવે છે. જે છે **'વિચારોનું પર્યાવરણ'**. વિચારોથી વાયુમંડળને ઘણી અસર થાય છે. સંકલ્પ અને વિકલ્પની સમજ વિચારોનું વાયુમંડળ બનાવવામાં મદદ કરે છે. તો આવો, સાથે મળીને **'શ્રેષ્ઠ કર્મ'** ની સાથે **'શ્રેષ્ઠ સંકલ્પ'** ની વાત આપણા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડીએ અને પર્યાવરણને સાચા અર્થમાં શુદ્ધ બનાવીએ.

## વાર્તા રે વાર્તા....

ગુજરાતમાં ધોરણ 10 બોર્ડની પરીક્ષાનો એક પ્રસંગ છે. ત્યારે વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મુશ્કેલી ન પડે અને ટ્રાફિકની સમસ્યના કારણે રસ્તામાં ક્યાંય અટવાય નહીં તે માટે સુરત ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે સુરત પોલીસકર્મીએ પરીક્ષામાં મોડું થઈ ગયેલા વિદ્યાર્થીને બાઈક પર બેસાડીને સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડ્યો હતો.

સુરત ટ્રાફિક પોલીસ દ્વારા બોર્ડની પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ માટે એકશન પ્લાન ઘડયો હતો. સુરતમાં ઘણા વિસ્તારમાં ભારે ટ્રાફિક સર્જાતો હોય છે. આ ટ્રાફિકના કારણે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા કેન્દ્ર પહોંચવામાં મોડા ન પડે તે માટે ટ્રાફિક પોલીસે પુરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. ઉપરાંત એક હેલ્પ લાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો હતો. પરીક્ષાના પ્રથમ દિવસે શહેરના એક વિસ્તારમાં એક લોક રક્ષક ફરજ પર હતા તે દરમિયાન બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલો એક વિદ્યાર્થી દુ:ખી થઈને ચાલતો જતો તેમને દેખાયો હતો.

પોલીસકર્મી વિદ્યાર્થીની આંખમાં રહેલી મૂંઝવણ સમજી ગયો હતો અને તે પરીક્ષાર્થી હોવાનું અંદાજ આવતા તાત્કાલિક તેની સાથે વાત કરવા માટે પોલીસકર્મી પહોંચ્યો હતો.

પોલીસકર્મીએ વિદ્યાર્થીની પુછપરછ કરતા જણાવ્યું હતું કે, તે ધોરણ 10ની પરીક્ષા આપવા માટે જઈ રહ્યો છે, પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મોડુ થઈ ગયું છે અને મારી પાસે રિક્ષા કરીને જવાના પૈસા નથી. જેથી ચાલતો ચાલતો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યો છે. પોલીસકર્મીએ વિદ્યાર્થીની વ્યથા સાંભળતા થોડી પણ ક્ષણનો વિલંબ કર્યા વિના વિદ્યાર્થીને તરત બાઈક પર બેસાડીને પરીક્ષા કેન્દ્ર સુધી સમયસર પહોંચાડ્યો હતો. વિદ્યાર્થી સમયસર પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી જતાં પરીક્ષા આપી શક્યો હતો. જો પોલીસકર્મી વિદ્યાર્થીની મૂંઝવણને સમજી શક્યો ન હોત તો કદાચ બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થી સમયસર પહોંચી શક્યો ન હોત.



## એન જે ડેસ્ક પર ઈ-કન્ટેન્ટ

અધ્યયન માટેનું દિશાદર્શન અને યોગ્ય વાતાવરણનું નિર્માણ જરૂરી સૂચનો દ્વારા વિદ્યાર્થીઓને જાતે શીખતાં કરવું એ એક ઉદ્દેશ છે.




- ફેબ્રુઆરી માસમાં આપેલ વિષયવસ્તુ એન જે ડેસ્ક પર અપલોડ કરવામાં આવ્યું છે.

**સમગ્ર અધ્યયન સામગ્રીની ઝલક નીચે દર્શાવી છે:**

| Subject | Video Count | Timing |
|---|---|---|
| Biology | 2 | 0:29:37 |
| Chemistry | 25 | 3:18:14 |
| English | 1 | 0:06:35 |
| History | 22 | 2:32:56 |
| Math-magic | 27 | 2:40:58 |
| P4-BCK | 04 | 0:51:46 |
| Science | 22 | 3:53:32 |
| Grand Total | 103 | 13:53:38 |

આ વિડીયો બનાવવાનું કાર્ય અવિરતપણે ચાલતું જ રહે છે, જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકાય અનેક વિદ્યાર્થીઓ પોતાની ઝડપે, પોતાના સમયે શીખતાં રહે.

## મનને ગમતાં સમાચાર

**UP Board** ના પરીક્ષકોને આ વર્ષે Audio-Video Presentations દ્વારા તાલીમ અપાશે. પ્રથમ વખત, પરીક્ષકો Audio-Video Presentations દ્વારા તાલીમ મેળવ્યા પછી 18 માર્ચથી UP Board ની high school અને intermediate examination-2023 ની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરશે. "પ્રથમ વખત, પરીક્ષકો અને નાયબ મુખ્ય પરીક્ષકોની તાલીમ માટે અને તેમના નાયબ નિયંત્રકોને ઉત્તરવહીઓનું error-free મૂલ્યાંકન સુનિશ્ચિત કરવા માટે પ્રાદેશિક કાર્યાલય સ્તરે Audio-Video Presentations દ્વારા તાલીમ આપવામાં આવી છે.



## વાંચવું ગમશે...



**1.Temple Tales**
- Cal Newport

**2. Everyday Ayurveda**
- Bhaswati Bhattacharya

## એક ચપટી પ્રેરણા

**શ્રેષ્ઠ શિક્ષક શીખવનાર નથી,**
**પરંતુ તે સાથી વિદ્યાર્થી છે,**
**જે જ્ઞાન યજ્ઞમાં હંમેશા રત રહે છે.**

